સ્થળ નિરિક્ષણ - વિધાનસભાના રિનોવેશનની કામગીરીના સ્થળ નિરિક્ષણ માટે નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલે મુલાકાત લીધી હતી... નિતીનભાઈએ કામગીરીના સમયની તથા ગુણવત્તાની ચકાસણી કરી વિગતો મેળવી હતી... તેમણે મુલાકાતના અંતે જણાવ્યું હતું કે, અંદાજપત્ર સત્ર અહીં નહિ યોજી શકાય... મહાત્મા મંદિર ખાતે યોજવાની વિચારણા ચાલી રહી છે...

ફી નિયમન મુદ્દે ઐતિહાસિક ચુકાદો

ખાનગી શાળાઓ દ્વારા લેવાતી બેફામ ફીના નિયમન માટે હાઈકોર્ટમાં પહોંચેલા શાળા સંચાલકોને ઝટકો : રાજ્ય સરકારનો અને વાલીઓનો વિજય : કાયદા પર મનાઈનો ઇન્કાર

અમદાવાદ,તા. ૨૭

ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ની બંધારણીય કાયદેસરતાને પડકારતી રાજયભરની સ્વનિર્ભર શાળાઓ તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી ઢગલાબંધ રિટ અરજીઓ આજે હાઈકોર્ટે એક અતિમહત્વના અને ઐતિહાસિક ચુકાદા મારફતે ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ.પંચોલની ખંડપીઠે રાજય સરકારના ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ને બહાલ રાખ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના આ સીમાચિહ્નરૂપ ચુકાદાને પગલે રાજયભરના વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ મોટી રાહત મળી છે તો, બીજીબાજુ, રાજયના ખાનગી અને સ્વનિર્ભર શાળા સંચાલકો સામે નીતિવિષયક નિર્ણયના મામલે રાજય સરકારની ગુજરાત હાઈકોર્ટમાં જીત થઈ છે. હાઈકોર્ટના આ ચુકાદાને પગલે ઉંચી અને તગડી ફી વસૂલી નફાખોરી રળતી સ્વનિર્ભર શાળાઓને જબરદસ્ત પછડાટ મળી છે. હાઈકોર્ટના આ ચુકાદાથી નારાજ સ્વનિર્ભર શાળાઓ તરફથી સુપ્રીમકોર્ટમાં જવું હોઈ આ ચુકાદા સામે સ્ટેની માંગણી કરાઈ હતી જો કે, હાઈકોર્ટની ખંડપીઠે શાળાઓની સ્ટેની માંગણી પણ ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાને પગલે હવે સ્વનિર્ભર શાળાઓ નફાખોરી રળી શકશે નહી અને વિદ્યાર્થીઓ તેમ જ તેમના વાલીઓ પાસેથી મનસ્વી રીતે ઉંચી કે તગડી ફી વસૂલી શકશે નહી. હાઈકોર્ટે ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭નો આગામી વર્ષ ૨૦૧૮ના નવા શૈક્ષણિક સત્રથી અમલવારી કરવા પણ સરકારને મંજૂરી આપી હતી અને તેના ચુકાદામાં એ બાબત પણ સ્પષ્ટ કરી દીધી હતી કે, રાજય સરકારને આ પ્રકારનો કાયદો બનાવવાની સત્તા છે અને સરકારે બનાવેલો આ કાયદો બિલકુલ યોગ્ય, વાજબી અને કાયદેસર છે. તેમાં સ્વનિર્ભર શાળાઓ કે તેના સંચાલકોના બંધારણીય અધિકારોનું કોઈ હનન થતું નથી.

એટલું જ નહી, આ કાયદા અંતર્ગત સરકાર દ્વારા રચાયેલી ફી નિયમન સમિતિઓ પણ બંધારણીય અને કાયદેસર છે. આ અંગેના સરકારના જાહેરનામા પણ યોગ્ય અને કાયદેસર ઠરે છે. સરકારના કાયદામાં માઈનોરીટીના કોઈ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૨૫ હેકટર વિસ્તારમાં નવા ૨૦ હજાર રોપાઓ ઉછેરાશે

ગાંધીનગર તા ૨૭

આગામી ચોમાસા દરમિયાન શહેરને વધુ હરિયાળુ બનાવવા માટે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. શહેરમાં દર વર્ષે ચોમાસુ વાવેતરને અનુલક્ષી નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જેને અનુલક્ષી આગામી વરસાદી ઋતુને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગત ચોમાસા દરમિયાન પણ શહેરમાં ૨૫ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે આગામી ચોમાસામાં પણ શહેરમાં ૨૫ હેકટરમાં ૨૦ હજાર રોપાઓની વાવણી કરવા માટે એડવાન્સમાં ખાડા ખોદવાની કામગીરી શરૂ થશે.

વનવિભાગ દ્વારા દર ચોમાસામાં શેહરમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. ગત ચોમાસા દરમિયાન પણ વનતંત્ર દ્વારા ગાંધીનગરના શહેરી વિસ્તારમાં ૨૫ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે આગામી ચોમાસાને અનુલક્ષીને પણ રોપાઓની વાવણી માટે વનતંત્ર દ્વારા એડવાન્સ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ વનતંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગો આસપાસ રોપાઓની વાવણી કરવા માટે ટુંકમાં જ ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દેવાશે. જેમાં ૨૫ હેકટર વિસ્તારમાં ૨૦ હજાર રોપાઓની વાવણી કરવામાં આવશે. શહેરના મુખ્ય માર્ગો પર કલર કોડ મુજબ વૃક્ષોને ઉછેરવામાં આવશે. જયારે મુખ્યમાર્ગો સહીત વનઆરક્ષિત જગ્યામાં દબાણો માલુમ પડશે તો દુર કરાશે વધુમાં રોપાઓની વાવણી બાદ યોગ્ય ઉછેર માટે પણ વિશેષ ધ્યાન રાખવામાં આવશે. જેમાં રોપાઓની વાવણીના અંતે લોખંડની એંગ્લ ફેન્સીંગ મુકવામાં આવશે. સિમેન્ટની થાંભલીવાળી ફેન્સીંગ તુટી જતા રખડતા ઢોરનો ત્રાસ પણ વધી જાય છે. જેના પરિણામે વનઆરક્ષિત જગ્યામાં ઢોરના લીધે રોપાઓના અસ્તિત્વ સામે ખતરો મંડરાય છે. જયારે દબાણોની સમસ્યા પણ વધુ પેચીદી બને છે.

ત્રણ મંત્રીઓએ કચેરી પ્રવેશ કરી કાર્યકરો સાથે બેઠકોનો દોર આરંભ્યો

ખાતાની ફાળવણીને લઈ ખેંચતાણ : નવા કેબીનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારને સ્વર્ણિમ સંકુલ-૧માં જ બેસવા માટે નવી ચેમ્બર બનાવવાના મુખ્યમંત્રીશ્રીના આદેશો

ગાંધીનગર, તા.૨૭

રાજય મંત્રીમંડળની ગઈકાલે રચના થયા બાદ આજે નવી સરકારના ત્રણ મંત્રીઓએ તેમને ફાળવવામાં આવેલ ચેમ્બરમાં વિધિવત પ્રવેશ કરી કાર્યકરો સાથેની મુલાકાતોનો સિલસિલો આરંભી દીધો છે. જો કે હજુ ખાતા ફાળવણી મંત્રીઓની બાકી છે જે આગામી સપ્તાહમાં થશે તેમ મનાઈ રહ્યું છે.

ગઈ કાલે રાજય સરકારના નવા મંત્રીમંડળના સભ્યોને ચેમ્બરોની ફાળવણીના હુકમો આજે કરી દેવાયા હતા. બપોરે આ હુકમમાં આંશિક ફેરફાર કરી કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારને માટે સ્વર્ણિમ સંકુલ-૧માં જ નવી ચેમ્બર તૈયાર કરવાના આદેશો જારી કરાયા છે. હાલ તેમને સ્વર્ણિમ સંકુલ-૨માં કચેરી માટે જગ્યા ફાળવવામાં આવી છે જે કામચલાઉ રહેશે તેવી સ્પષ્ટતા પણ સરકાર દ્વારા કરવામાં આવી છે.

આજે નવા મંત્રીમંડળમાંથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા અને રાજયમંત્રી રમણભાઈ પારકરે તેમની કચેરીમાં સારા મુહુર્તમાં પ્રવેશ કરી કાર્યકરો સાથેની બેઠકોનો આરંભ કરી દીધો છે.

સ્વર્ણીમ સંકુલ-૧માં કેબિનેટ મંત્રીઓ અને સ્વર્ણિમ સંકુલ-૨માં રાજયકક્ષાના મંત્રીઓ માટે જગ્યા ફાળવવામાં આવી છે. કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમાર માટે સ્વર્ણિમ સંકુલ-૧માં જ એક હોલ નાનો કરી અને અતિ આધુનિક સ્તરની ઓફિસ બનાવવાના આદેશો મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યા છે. આ ઓફિસ તૈયાર થાય ત્યાં સુધી કાર્યકારી કચેરી સ્વર્ણિમ સંકુલ-૨માં કાર્યરત કરી દેવાશે.

રાજય મંત્રીમંડળની રચના પછી ખાતાઓની ફાળવણીને લઈ રાજકીય મડાગાંઠો ઉભી થઈ હોવાની પાટનગરમાં રાજકીય અટકળો વહેતી થઈ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આજે હિમાચલ પ્રદેશમાં પદનામિત નવા મુખ્યમંત્રીશ્રીની શપથવિધિ સમારોહમાં હાજરી આપવા ગયા હતા. બપોર પછી તેઓ ગાંધીનગર પરત ફર્યા હતા પરંતુ હવે આગામી સપ્તાહના આરંભે જ મંત્રીઓના ખાતાની ફાળવણી થશે તેવા સંકેતો મળી રહ્યા છે. ખાતાની ફાળવણી એ મુખ્યમંત્રીનો અધિકાર છે અને તેને લઈ ભાજપમાં આંતરિક ખેંચતાણ ચાલી રહી હોવાથી હાલ ફાળવણીનો મુદ્દો આગામી સપ્તાહ સુધી ટાળી દેવાયો હોવાનું જાણવા મળેલ છે.

બાળ વૈજ્ઞાનિકો સાથે મુખ્યમંત્રી - અમદાવાદ સાયન્સ સિટી ખાતે આરંભાયેલ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં ભાગ લઈ રહેલ દેશના ૩૦ રાજ્યો અને ૬ શાર્ક દેશોના મળીને ૯૦૦ બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓને મુખ્યમંત્રીએ નિહાળી હતી...

તંત્રમાં બદલીનો ગંજીફો આજકાલમાં ચીપાશે

ગાંધીનગર, તા.૨૭

જિલ્લામાં ચૂંટણીની કાર્યવાહી અને આચાર સંહિતા સંપન્ન થતાં જ તંત્ર દ્વારા કર્મચારીઓની બદલીનો ગંજીફો ચીપવા અંગેની વિચારણા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ચૂંટણી પંચને હવાલે ૧૨થી વધુ નાયબ મામલતદારો અને ૨૦થી વધુ કારકુનો મુકવામાં આવ્યા હતા. હવે આચારસંહિતા સંપન્ન થઈ ગઈ છે અને ચૂંટણીની કાર્યવાહી પણ પૂર્ણ થઈ ગઈ હોવાથી તંત્ર દ્વારા એકવાર બદલીનો ગંજીફો ચીપવામાં આવશે.

જિલ્લા તંત્રમાં આ બદલીનો ગંજીફો ઝડપથી ચિપવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત પણ તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે. આ પછી જાન્યુઆરી માસમાં પુનઃ ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીઓ આવી રહી છે અને તંત્રને તેની અન્ય કામગીરી પર વિપરીત અસરો ના પડે તે રીતે બદલીનો ગંજીફો ચીપવામાં આવશે. જિલ્લામાં માણસા નગરપાલિકા અને સાત જેટલી ગ્રામ પંચાયતોની પણ સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે જે નોંધનીય છે.

મિલ્કત વેરાના બાકીદારોને નોટીસ ફટકારાશે

મિલ્કત વેરાના લક્ષ્યાંકમાં રૂ. ૧૨ કરોડની ઘટ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કત વેરાની વસુલી માટે આગામી સપ્તાહથી લાલ આંખ કરવા માટે તંત્ર એ તેનું મન બનાવી લીધું છે.

મનપા દ્વારા રૂ. ૫૦ હજારથી વધુની રકમનો મિલ્કત વેરો બાકી ધરાવતા એકમોના માલિકોને નોટીસ આપવામાં આવશે અને આ પછી પણ અપાયેલ સમય મર્યાદામાં વેરો ન ભરે તો મિલ્કતો સિલ કરવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રૂ. ૫૦ હજારથી વધુ બાકીદારોની યાદી અલગથી તારવવાની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. મોટા ભાગે ઔદ્યોગિક એકમો અને વાણિજિયક એકમો હોવાનું જાણવા મળેલ છે.

મનપા દ્વારા આ વર્ષે વેરા વસુલીનો લક્ષ્યાંક રૂ. ૩૨ કરોડ રાખવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રૂ. ૨૦ કરોડ જેટલી વસુલાત મનપા દ્વારા થઈ ચુકી છે. હવે ૧૨ કરોડની આવક મેળવવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. મનપા દ્વારા નવા બજેટને તૈયાર કરતાં પૂર્વે નાણાંકીય લેખા-જોખાંની સમીક્ષા માટેની બેઠકમાં આટલી મોટી વસુલાત બાકીની બાબત ધ્યાને આવતાં જ તંત્ર એ આ કવાયત હાથ ધરી હોવાનું પણ મનપાના સુત્રોએ સ્વીકાર્યું છે.

જિલ્લાના ૪ નવા પ્રા.આ. કેન્દ્રોની વિધિવત કામગીરીનો રોડ મેપ તૈયાર

વિહારમાં નવું પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર થઈ આવ્યુ : સુઘડ પ્રા.આ. કેન્દ્રના વિભાજન માટે અલગથી દરખાસ્ત તૈયાર કરવાની તંત્ર દ્વારા હાથ ધરાયેલી વિચારણા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં નવા મંજૂર થયેલા ચાર પ્રા.આ. કેન્દ્રોનો કાર્યક્ષેત્ર અને વિસ્તાર વસ્તી અંગેની કામગીરી ટૂંકમાં જ પૂર્ણ કરી દેવામાં આવશે એટલું જ નહિ તે અંગેનો સઘળો અહેવાલ આગામી સામાન્ય સભામાં પણ રજુ કરવા માટેની આરોગ્ય તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજોલ, વેડા, ધાનજ અને પાટનાકુવા ખાતે પ્રા.આ. કેન્દ્રો રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. જે અંગેના વિવિધ ઉદઘાટનો બાકી રખાયા હતા કારણકે ચૂંટણીની આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો હતો. તંત્ર એ તાત્કાલિક આ કેન્દ્રો અપગ્રેડ અને કામગીરી સઘન બનાવી સેવાઓ આરંભી દીધી હતી.

આચાર સંહિતા સંપન્ન થતાં જ હવે પ્રા.આ. કેન્દ્રોના કાર્યક્ષેત્ર વિસ્તાર, વસ્તી વિગેરેની અંગેની આનુસંગિક કામગીરી લગભગ તેના અંતિમ તબક્કામાં છે. આ ચાર નવા પ્રા.આ. કેન્દ્રો મંજૂર થઈ આવતાં જિલ્લામાં હવે ૩૦ પ્રા.આ. કેન્દ્રો બનશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાની હદ પર આવેલ વિહાર ખાતે પેટા આરોગ્ય કેન્દ્ર પણ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે. વિહાર પછી મહેસાણા જિલ્લાની હદ શરૂ થાય છે. આ વિહાર નજીક ચાર રસ્તા સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવેને સાંકળતા આવતા હોવાથી ટ્રાફિકનું ભારણ પણ વધારે રહે છે. આ વિસ્તારમાં પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર થતાં સારી તબીબી સેવા ઉપલબ્ધ બનશે તેમ જિલ્લાવાસીઓ માની રહ્યા છે.

દરમિયાન જિલ્લામાં આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થાય તે માટે સુઘડ પ્રા.આ. કેન્દ્રના વિભાજન માટેની અલગથી દરખાસ્ત તૈયાર કરવાની વિચારણા ચાલી રહી છે. આ વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારો શહેરી વિસ્તારની નજીકના ગામો હોવાથી વિકાસ વેગીલો બન્યો છે એટલું જ નહિ વસ્તીનું ભારણ પર વધવા પામ્યું છે અને સેવાઓનું આ વિસ્તારમાં સઘનીકરણ થાય તે જરૂરી હોવાથી તંત્ર દ્વારા આ વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આજે રાજયના આરોગ્ય કમિશનરશ્રી દ્વારા આરોગ્ય સેવાઓના સઘનીકરણને લઈ ખાસ વર્કશોપ કમ બેઠકનું આયોજન કરાયું હતું.

પ્રદેશ કોંગ્રેસના સંગઠન માળખામાં ફેરફારના ભણકારા

શહેર પ્રમુખથી લઇ પ્રદેશ પ્રમુખ સહિતના હોદ્દેદારો તેમજ માળખાકીય ઘણા ફેરફારો અને બદલાવો થવાની શકયતા

અમદાવાદ, તા.૨૭

રાહુલ ગાંધી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગયા બાદ હવે આગામી ફેબ્રુઆરી મહિના પછી ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં ધરખમ અને મહત્વના ફેરફારો કરવામાં આવે તેવી પૂરી શકયતા સેવાઈ રહી છે. ગુજરાત કોંગ્રેસના સંગઠનના નવસર્જન માટે કોંગ્રેસના કેન્દ્રીય નેતાઓની ટીમ ઉતરાયણ પછી કમૂર્હતા પૂર્ણ થયા બાદ ગુજરાતની મુલાકાતે આવે તેવી પણ પ્રબળ સંભાવના છે. કોંગ્રેસના સંગઠનમાં નવસર્જનમાં શહેર પ્રમુખથી લઇ પ્રદેશ પ્રમુખ સહિતના હોદ્દેદારો અને માળખાકીય ઘણા મહત્વના ફેરફારો અને બદલાવો થવાની શકયતા છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે આ વખતે ભાજપને જોરદાર ટકકર આપી પરંતુ ગુજરાતની સત્તા મેળવવામાં કોંગ્રેસને પનો ટૂંકો પડયો અને ગાંધીનગર વેંત છેટુ રહી ગયું. મોં સુધી આવેલો સત્તાનો કોળિયો કોંગ્રેસના હાથમાંથી સરી પડયો, જેનો ભારોભાર વસવસો ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓથી લઇ રાષ્ટ્રીય નેતાઓ અને ખુદ કોંગ્રેસના દિલ્હીમાં બેઠેલા મોવડીમંડળને પણ છે પરંતુ આ બધો ગમ ભુલાવી નવેસરથી શરૂઆત કરવાની અને ભવિષ્યમાં વિજયી બનવાની આશાઓ સાથે કોંગ્રેસે કમર કસી છે. રાહુલ ગાંધીએ તેમના ગુજરાતના ચૂંટણી પ્રવાસો દરમ્યાન જ પહેલેથી સંકેત આપી દીધો હતો કે, તેઓ ગુજરાત કોંગ્રેસમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ સંગઠનમાં મહત્વના અને ધરખમ ફેરફારો કરશે અને પક્ષના સંગઠનને ગુજરાતમાં વધુ મજબૂત, સુદ્રઢ અને કાર્યક્ષમ બનાવશે. આ સંકલ્પના ભાગરૂપે જ હવે ફેબ્રુઆરી-૨૦૧૮ પછી ગુજરાત કોંગ્રેસના સંગઠનમાં ફેરફારો અને બદલાવની દિશામાં વિચારણા ગંભીરતાપૂર્વક ચાલી રહી છે. વિધાનસભા ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં કોંગ્રેસના સારા અને ઉત્કૃષ્ટ દેખાવની સાથે સાથે શહેરી વિસ્તારોમાં કોંગ્રેસના નબળા દેખાવની પણ મોવડીમંડળ દ્વારા નોંધ લેવાઈ છે અને તેથી શહેરી વિસ્તારોમાં કોંગ્રેસના મૂળિયા મજબૂત કરવા માટેનું આયોજન ચાલી રહ્યું છે.

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ જેમાના તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

જેમાના-૧

૧.પાઈપલાઈન લેબર કામ ૪,૬૦,૦૨૪.૭૫

૨. ૩૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૩,૭૬,૦૮૫.૬૧

જેમાના-૨

૩. પાઈપલાઈન લેબર કામ. ઘર જોડણ ૩,૫૯,૨૬૭.૦૫

૪. ૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨,૯૨,૩૦૫.૬૧

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂા.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩૧/૧૨/૨૦૧૭ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજુ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૦૬/૦૧/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૦૮/૦૧/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે રકમના ૧% રકમનો એફ.ડી.આર./ડી.ડી./બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી જેમાના જળ અને સ્વચ્છતા સમીતીના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધીકાર સમીતી નો રહેશે.

: ટેન્ડર મોકલવાનું સરનામું :
અધ્યક્ષશ્રી જેમાના જળ અને સ્વચ્છતા સમીતી,
તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com